श्री परमात्मने नमः

સામાયક સૂત્ર

(અર્થ સાથે.)



ચૈત્યવંદનો, સ્તવનો, થોયો સહિત.

છાપી પ્રસિદ્ધ કરનાર.

કેશવલાલ સવાઈભાઈ

સમશેર બાહાદુરવાળા.

રીચીરોડની સડક ઉપર—અમદાવાદ.

જૈન ધર્મનાં તથા કાયદાનાં પુસ્તકો, વીગેરે સસ્તી કીંમતે વેચનાર.

આવૃત્તિ બીજી — પ્રત ૨૦૦૦

શ્રી જૈન વિદ્યાવિજય પ્રી. પ્રેસમાં શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યું.—રીચીરોડ—અમદાવાદ.

સંવત ૧૯૬૮ — સને ૧૯૧૨

કિમ્મત એક આનો.

॥ श्री पार्श्वनाथाय नमः ॥

શ્રી સામાયક સૂત્ર.

નવકાર મંત્ર.

નમો અરિહંતાણં—બારગુણે કરી સહીત એવા કર્મના હણનાર અરિહંત ભગવાનને નમસ્કાર થાઓ.

નમો સિદ્ધાણં—આઠે કર્મનો ક્ષય કરી મોક્ષમાં પહોંચેલા અને આઠ ગુણે કરી સહીત એવા સિદ્ધ ભગવાનને નમસ્કાર થાઓ.

નમો આયરિયાણં—છત્રિસ ગુણે કરી સહીત આચાર્ય ભગવાનને નમસ્કાર થાઓ.

નમો ઉવજ્ઝાયાણં—પચીસ ગુણે કરી સહીત એવા ઉપાધ્યા- (યજીને નમસ્કાર થાઓ.

નમો લોએ સવ્વ સાહૂણં—લોકની અંદર રહેલા સત્તાવીશ ગુણે કરી બિરાજમાન સર્વ સાધુઓને નમસ્કાર થાઓ.

એસો પંચ નમુક્કારો—એ ઉપર કહેલા પાંચ નમસ્કાર.

સવ્વપાવપ્પણાસણો—સર્વ પાપનો નાશ કરનાર છે.

મંગલાણંચ સવ્વેસિં—આ નવકાર મંત્ર સર્વ મંગલીકને વિષે,

પઢમં હવઇ મંગલં—પહેલું મંગલ છે.

પંચિંદિય

પંચિંદિય સંવરણો—ફરસ, રસ, ઘ્રાણ, ચક્ષુ, અને શ્રોત એ પાંચ ઇંદ્રિના ત્રેવિસ વિષય તેના જે બસેં બાવન વિકાર તેને રોકવા તે પાંચ ગુણ.

તહ નવવિહ બંભચેર ગુત્તિધરો—તથા નવ પ્રકારે શિયળ વ્રતની ગુપ્તિને ધારણ કરવી તે નવ ગુણ.

ચઉવિહ કસાયમુક્કો—ક્રોધ, માન, માયા, અને લોભ એ ચાર કષાયથી છુટા થવું તે ચાર ગુણ. (કરી સહીત હોય.

ઇઅ અઠ્ઠારસ ગુણેહિં સંજુત્તો—એ ઉપર કહેલા અઢાર ગુણે-

પંચમહવ્વય જુત્તો—જીવહિંસા ન કરવી, જુઠું ન બોલવું, ચોરી ન કરવી, સ્ત્રી સેવન ન કરવું, પરિગ્રહ ન રાખવો, એ પાંચ મહાવ્રતે કરી સહિત હોય.

પંચવિહાયાર પાલણ સમથ્થો—જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ તથા વીર્ય એ પાંચ પ્રકારના આચાર પાળવાને સમર્થ હોય તે પાંચ ગુણ.

પંચસમિઓ તિ ગુત્તો—ઇર્યા, ભાષા, એષણા, આદાનભંડ નિક્ષેપણા અને પારિષ્ટાપનિકા એ પાંચ સમિતિ અને મનોગુપ્તિ, વચનગુપ્તિ, અને કાયગુપ્તિ, એ ત્રણ ગુપ્તિ એ આઠ બરોબર પાળે એ આઠ ગુણ.

છત્તીસ ગુણો ગુરૂમજ્ઝ—એ છત્રીસ ગુણે કરી સહિત મારા ગુરૂછે.

ઇચ્છામિ ખમાસમણ.

ઇચ્છામિ ખમાસમણો—હે ક્ષમા શ્રમણ ? હું ઇચ્છું છું.

વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ—પાપ વ્યાપારનો નિષેધ કરીને શરીરની શક્તિવડે વાંદવાને (હું ઇચ્છું છું.)

મથ્થએણ વંદામિ—મસ્તકવડે કરી હું નમસ્કાર કરૂં છું.

સુગુરૂને સુખશાતા પૃચ્છા.

ઇચ્છકાર સુહરાઇ સુહદેવસિ—ઇચ્છાએ કરીને સુખે રાત સુખે દિવસ

સુખ તપ શરીર નિરાબાધ—સુખે કરી તપ, રોગ રહિત શરીર.

સુખ સંજમ જાત્રા નિર્વહોછોજી—સુખે કરી સંજમ જાત્રા ધારણ કરોછોજી.

સ્વામિ શાતા છેજી, ભાત પાણીનો લાભ દેજોજી.

ઇરિયા વહિયં.

ઇચ્છાકારેણ—ઇચ્છાએ કરી.

સંદિસહ ભગવન્—હે ભગવન્ આદેશ આપો.

ઇરિયા વહિયં પડિક્કમામિ—માર્ગમાં ચાલતાં જે પાપ થાય તેથી હું નિવર્તું ? ત્યારે ગુરૂ કહે પડિક્કમહ (નિવર્તો).

ઇચ્છં ઇચ્છામિ **પડિક્કમિઉં**—પ્રમાણ. મારા મનની ઇચ્છાએ પાપને પરિહરવાને ઇચ્છું છું.

ઇરિયા વહિયાએ—માર્ગમાં ચાલતા જીવની.

વિરાહણાએ—વિરાધના થઇ હોય.

ગમણાગમણે, પાણક્કમણે—જતાં આવતાં કોઇ જીવ ચાંપ્યો હોય.

બીયક્કમણે, હરિયક્કમણે—સુકાં લીલાં બીજ ચાંપ્યાં હોય તથા લીલી વસ્તુ ચાંપી હોય.

ઓસાઉત્તિંગ પણગદગ—ઠારનું પાણી, કિડીઆરૂં, પાંચવર્ણી શેવાળ, નીલફુલ વિગેરે તથા કાચુ પાણી. (ગ ચાંપ્યા હોય.

મટ્ટીમક્કડા સંતાણા સંકમણે—માટી, કરોળીઆના પડ તથા જા-

જે મે જીવા વિરાહિયા—જે મેં જીવની વિરાધના કીધી હોય.

એગિંદિઆ—એક ઇંદ્રીવાળા તે પૃથ્વી, પાણી વિગેરે.

બેઇંદિઆ—બે ઇંદ્રીવાળા કીડા, અલસીયા વિગેરે.

તેઇંદિઆ—ત્રણ ઇંદ્રીવાળા માંકણ, કીડી, મંકોડા વિગેરે.

ચઉરિંદિઆ—ચાર ઇંદ્રીવાળા માખી, મચ્છર, ડાંસ વિગેરે.

પંચિંદિઆ—પાંચ ઇંદ્રીવાળા મનુષ્ય, તિર્યંચ વિગેરે.
અભિહયા—સામા આવતા હણ્યા હોય.
વત્તિયા—ધુળે કરી ઢાંક્યા હોય.
લેસિયા—ભૂમિ સાથે ભીંતે ઘસ્યા.
સંઘાઇયા—માંહોમાંહે શરીર મેળવ્યાં હોય.
સંઘટ્ટિયા—થોડા સ્પર્શવડે પીડા કરી હોય.
પરિઆવિયા—પરિતાપ ઉપજાવ્યા હોય.
કિલામિયા—થકવીને મૂડદાલ કીધા હોય.
ઉદ્દવિયા—ઉપદ્રવ કર્યા હોય ત્રાસ ઉપજાવ્યા હોય.
ઠાણાઓઠાણં સંકામિયા—એક સ્થાનકથી બીજે સ્થાનકે મુક્યા હોય.
જીવિયાઓવવરોવિયા—આઉખા થકી ચુકાવ્યા હોય.
તસ્સમિચ્છામિ દુક્કડં—તે પાપ મારૂં નિષ્ફળ થાઓ.

તસ્સ ઉત્તરી.

તસ્સ ઉત્તરી કરણેણં—તે પાપ શુદ્ધ કરવાને.
પાયચ્છિત્ત કરણેણં—તે પાપનો છેદ કરવાને.
વિસોહી કરણેણં—આત્માને શુદ્ધ કરવાને. (શલ્ય રહીત કરવાને.)
વિસલ્લી કરણેણં—આત્માને માયા નિયાણને મિથ્યાત્વ એ ત્રણ
પાવાણં કમ્માણં—પાપ કર્મને.
નિગ્ઘાયણટ્ઠાએ—ટાળવાને અર્થે.
ઠામિકાઉસ્સગ્ગં—કાઉસ્સગ્ગ કરૂં છું.

અન્નત્થ ઉસસિએણં.

અન્નત્થઉસસિએણં—નીચે લખેલા આગારોથી બીજે ઠેકાણે ઊંચા શ્વાસ વડે.
નિસસિએણં ખાસિએણં, છીએણં—નીચા શ્વાસવડે, ઉધરસ વડે, છીંકવડે.

જંભાઇએણં ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં—બગાસાવડે, ઓડકારવડે, વા સંચરવાથી.
ભમલિએ, પિત્તમુચ્છાએ—॥૧॥—તમ્મરવડે પિત્તના ઉછાળાથી
સુહુમેહિં અંગસંચાલેહિં—અંગના સૂક્ષ્મ સંચારથી.
સુહુમેહિં ખેલસંચાલેહિં—સૂક્ષ્મ થુંક અથવા કફ ગળવાવડે.
સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં—॥૨॥—સૂક્ષ્મ દ્દષ્ટિના સંચારવડે.
એવમાઇએહિં આગારેહિં—આ પૂર્વોક્ત બાર અગાર આદિ લેઇને બીજા આગારોથી.
અભગ્ગો અવિરાહિઓ—અખંડિત, અવિરાધિત. (સંપૂર્ણ.)
હુજ્જ મે કાઉસ્સગ્ગો—॥૩॥—મ્હારે કાઉસ્સગ્ગ થાઓ.
જાવ, અરિહંતાણં ભગવંતાણં—જ્યાં સુધી અરિહંત ભગવાનના
નમુક્કારેણં, ન પારેમિ—॥૪॥—નમસ્કાર વડે ન પારૂં.
તાવકાયં—ત્યાં સુધી મારી કાયાને,
ઠાણેણં મોણેણં ઝાણેણં—સ્થાનકવડે, મૌનપણે, ધ્યાને.
અપ્પાણં વોસિરામિ—આત્માને વોસિરાવું છું.

લોગસ્સ.

લોગસ્સ ઉજ્જોઅગરે—લોકને કેવળ જ્ઞાનવડે ઉદ્યોતના કરનાર.
ધમ્મતિત્થયરે જિણે—ધર્મ તીર્થના કરણહાર.
અરિહંતે કિત્તઇસ્સં—ધર્મ રૂપ વેરીના હણનારની કીર્તી કરૂંછું.
ચઉવીસંપિ કેવલી—॥૧॥—એ ચોવીસે કેવળી છે.
ઉસભમજિઅં ચવંદે—શ્રીરીખભદેવ તથા અજીતનાથને વાંદું છું.
સંભવ મભિણંદણં ચસુમઇંચ—સંભવનાથ, અભિનંદન તથા સુમતિનાથને.

પઉમપ્પહંસુપાસં, જિણંચચંદપ્પહંવંદે—॥૨॥—પદ્મપ્રભુ, સુપાર્શ્વ, રાગદ્વેષના જીતનાર, ચંદ્રપ્રભુને વાંદુ છું.

સુવિહિંચપુપ્ફદંતં—સુવિધીનાથ, તથા પુષ્પદંત એ બે નામ નવમાના. (વાસુપુજ્યને.)

સિઅલસિજ્જંસ વાસુપુજ્જંચ—શીતળનાથ, શ્રેયાંસનાથ, શ્રી

વિમલમણંતંચજિણં—વિમળનાથ, અનંતનાથ રાગદ્વેષના જીતનારને.

ધમ્મંસંતિંચવંદામિ—॥૩॥—શ્રી ધર્મનાથ તથા શાંતીનાથને વાંદુછું.

કુંથું અરંચમલ્લિં—કુંથુનાથ, અરનાથ તથા મલ્લીનાથને.

વંદેમુણિસુવ્વયં નમિજિણંચ—મુનીસુવ્રત, તથા નમિનાથ જીનને વાંદુ છું.

વંદામિ રિટ્ઠનેમિં—અરિષ્ટ નેમનાથને વાંદુ છું.

પાસં, તહ વદ્ધમાણંચ—॥૪॥—પાર્શ્વનાથ, તથા શ્રી વર્ધમાન સ્વામીને પણ વાંદુ છું.

એવં મએ અભિત્થુઆ—એવી રીતે સ્તવ્યા,

વિહુયરયમલા—જેણે કર્મરૂપ રજ, મેલ ટાળ્યા છે.

પહીણજરમરણા—જેણે જરા અને મરણનાં દુઃખ ખપાવ્યાં છે.

ચઉવીસંપિજિણવરાતિત્થયરામેપસિયંતુ—॥૫॥—એ ચોવીશ તીર્થંકર, રાગદ્વેષના જીતનાર મારા ઉપર પ્રસન્ન થાઓ.

કિત્તિય વંદિય મહિયા—સ્તવ્યા, વાંદ્યા, પુજ્યા.

જેએલોગસ્સઉત્તમાસિદ્ધા—જે લોકોને વિષે ઉત્તમ સિદ્ધ થયા.

આરુગ્ગ બોહિલાભં—રોગ રહીતપણું અને સમકિતનો લાભ.

સમાહિવરમુત્તમંદિંતુ—॥૬॥—ઉત્તમ પ્રધાન સમાધિ આપો.

ચંદેસુનિમ્મલયરા આઇચ્ચેસુ અહીયં પયાસયરા—ચંદ્રમાથી
અધિક નિર્મલ, સૂર્યથી અધિક પ્રકાશ કરનાર.
સાગરવર ગંભીરા—સમુદ્રની પેઠે ગંભીર.
સિદ્ધાસિદ્ધિંમમદિસંતુ—॥૭॥—એવા સિદ્ધ મુજને સિદ્ધી દેખાડો.

મુહપત્તિના ૨૫ બોલ.

સૂત્રઅર્થતત્વ કરી સદ્દહુ ૧ સમકિત મોહની ૨ મીશ્રમોહની ૩ મિથ્યાત્વ મોહની પરીહરૂં. ૪ કામરાગ ૫ સ્નેહરાગ ૬ દ્રષ્ટીરાગ પરીહરૂં ૭ સુદેવ ૮ સુગુરૂ ૯ સુધર્મ આદરૂં ૧૦ કુદેવ ૧૧ કુગુરૂ ૧૨ કુધર્મ પરીહરૂં. ૧૩ જ્ઞાન ૧૪ દર્શન ૧૫ ચારિત્ર ૧૬ આદરૂં જ્ઞાન ૧૭ દર્શન ૧૮ ચારિત્ર વિરાધના પરીહરૂં ૧૯ મનગુપ્તિ ૨૦ વચનગુપ્તિ ૨૧ કાયગુપ્તિ આદરૂં ૨૨ મનદંડ ૨૩ વચનદંડ ૨૪ કાયદંડ પરીહરૂં. ૨૫

(અંગના પચીસ બોલ.)

હાસ્ય ૧ રતી ૨ અરતી ૩ પરીહરૂં. ડાબે હાથે પડીલેહવા.
ભય ૪ શોક ૫ દુગંચ્છા ૬ પરીહરૂં. જમણે હાથે પડીલેહવા.
કૃષ્ણલેશ્યા ૭ નીલલેશ્યા ૮ કાપોતલેશ્યા ૯ પરીહરૂં માથા ઉપર પડીલેહવા.
રિદ્ધિગારવ ૧૦ રસગારવ ૧૧ સાતાગારવ ૧૨ પરીહરૂં. મોંઢે પડીલેહવા.
માયાશલ્ય ૧૩ નીયાણશલ્ય ૧૪ મિથ્યાત્વશલ્ય ૧૫ પરીહરૂં છાતી આગળ પડીલેહવા.
ક્રોધ ૧૬ માન ૧૭ પરીહરૂં પુંઠે ડાબે અબે પડીલેહવા.

માયા ૧૮ લોભ ૧૯ પરીહરૂં. પુંઠે જમણે ખભે પડીલેહવા.
પૃથ્વીકાય ૨૦ અપકાય ૨૧ તેઉકાયની જયણાકરૂં ૨૨.
ડાબે પગે પડીલેહવા.
વાઉકાય ૨૩ વનસ્પતીકાય ૨૪ ત્રસકાયની રક્ષા કરૂં ૨૫.
જમણે પગે પડીલેહવા.

તે મધ્યે સાધુ શ્રાવકને બોલ ૫૦ કહેવા. અને લેશ્યા ૩ શલ્ય ૩ કષાય ૪ એ દશ શિવાય બોલ ૪૦ સાધ્વી શ્રાવિકાને કહેવા.

કરેમિભંતે.

કરેમિભંતેસામાઇયં—હે ભગવાન હું કરૂં છું. સમતારૂપ સામાયિક.
સાવજ્જંજોગંપચ્ચખ્ખામિ— પાપસહીત જોગ ત્યાગ કરૂં છું.
જાવ નિયમં—જ્યાં સુધી નિયમને.
પજ્જુવાસામિ—આરાધુ ભક્તિ કરૂં છું ત્યાં સુધી.
દુવિહં—બે ભેદે કરવું નહીં, કરાવવું નહીં તે.
તિવિહેણં—ત્રણ ભેદે તે મન, વચન, કાયા તેણે કરી.
મણેણં વાયાએ કાએણં નકરેમિ નકારવેમિ—મન, વચન, કાયાએ કરીને ન કરૂં તથા ન કરાવું.
તસ્સભંતે પડિક્કમામિ—હે ભગવંત તેથી હું નિવર્તું છું.
નિંદામી ગરિહામિ—નિંદુ છું ગુરૂની સાખે ગરહું છું.
અપ્પાણં વોસિરામિ—આત્માને વોસિરાવું છું.

સામાઇયં વયજુત્તો.

સામાઇઅ વયજુત્તો—સામાયકમતે યુક્ત.
જાવમણે હોઇનિયમ સંજુત્તો—જ્યાં લગી મન નિયમે સંજુક્ત હોય ત્યાં સુધી.

છિંદઇ અસુહંકમ્મં—અશુભ કર્મને છેદે.
સામાઇય જત્તિઆવારા—॥૧॥ જેટલીવાર સામાયક કરે તેટલીવાર
સામાઇઅ મિઉક્કએ—વળી સામાયક કરતી વખતે.
સમણોઇવ સાવઓ હવઇજમ્હા—સાધુની પેરેજ શ્રાવક પણ હોય
એએણ કારણેણ બહુસો સામાઇઅં કુજ્જા—॥૨॥—એ
કારણ થકી ઘણીવાર સામાયક કરવાં.

સામાયક વ્રતવિધિ લીધું, વિધિ પાર્યું, વિધિ કરતાં જે કોઇ અવિધિ હુઓ હોય તે સવી હું મન, વચન, કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં ॥ દશ મનના, દશ વચનના, બાર કાયાના એવં ૩૨ દોષમાં જે કાંઇ દોષ લાગ્યો તે સવી હું મન, વચન કાયાએ કરી–તસ્સ મિછામિ દુક્કડં.

સામાયકમાં તજવાના બત્રીશ દોષ.

દશ મનના.	દશ વચનના.	બાર કાયાના.
		આસન ચપળ.
વેરી દેખી રીસ કરે.	કુવચન બોલે.	ચારે દીશાએ જુએ.
અવિવેક ચિંતવે.	હુંકારા કરે.	સાવદ્ય કામ કરે.
અર્થન ચિંતવે.	પાપ આદેશ દીએ.	આળસ મરડે.
મનમાં ઉદ્વેગ ધરે.	લવારો કરે.	અવિનયે બોલે.
યશની વાંછા કરે.	કલહ કરે.	ઓઠું લેઇ બેસે.
વિનય ન કરે.	આવો, જાવો કહે.	મેલ ઉતારે.
ભય ચિંતવે.	ગાળો બોલે.	ખરજ ખણે.
વ્યાપાર ચિંતવે.	બાળક રમાડે.	પગ ઉપર પગ ચડાવે.
ફળનો સંદેહ રાખે.	વિકથા કરે.	અંગ ઉઘાડું મુકે.
નિયાણું કરે.	હાંસી કરે.	અંગ ઢાંકે.
		ઉંઘે.

સામાયકની વિધિ.

લેવાની.

૧ પ્રથમ ઉંચે આસને પુસ્તક પ્રમુખ મૂકવું.

૨ શ્રાવક શ્રાવિકાએ કટાસણું. મુહુપતિ, ચવળો લઈ શુદ્ધ વસ્ત્ર જ આ મુજી કટાસણા ઉપર બેસવું. (જી સન્મુખ રાખવા.

૩ મુહુપત્તિ ડાબા હાથમાં મુખ પાસે રાખી જમણો હાથ થાપના-

૪ એક નવકાર ગણી પંચિંદિય કહી ઇચ્છામિ ખમાસમણ દેઇ પડિ-યાવહિઆ, તસ્સઉત્તરી, અન્નથ્થઉસસીએણં કહી એક લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગ્ગસ્સ કહેવો.

૫ પછી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક મુહુપતિ પડિલેહું ? ઇચ્છં. એમ કહેવું.

૬ પછી મુહુપત્તિ તથા અંગની પડિલેહણના પચાસ બોલ કહી મુહુપત્તિ પડિ લેવી. (સંદિસાહુ.

૭ પછી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્ સામાયિક

૮ ઇચ્છં વળી ખમાસમણ દેઇ ઇચ્છા૦ સામાયિક ઠાઉં.

૯ ઇચ્છં. એમ કહી બે હાથ જોડી એક નવકાર ગણી ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચરાવોજી.

૧૦ પછી વડિલ કરેમિભંતે કહે.

૧૧ પછી ખમાસમણ દેઇ ઇચ્છા૦ બેસણે સંદિસાહુ. ઇચ્છં કહી.

૧૨ ખમા૦ ઇચ્છા૦ બેસણે ઠાઉં. ઇચ્છં કહી ખમા૦ ઇચ્છા૦ સજ્ઝાય સંદિસાહુ ઇચ્છં કહી ખમા૦ ઇચ્છા૦ સજ્ઝાય કરૂં ઇચ્છં એમ કહેવું.

૧૩ પછી ત્રણ નવકાર ગણી બે ઘડી સજ્ઝાય ધર્મ ધ્યાન કરવું.

જ૬૩૩

૧૪ ખમાસમણુ દેઇ ઇરિયાવહિ પડિક્કમવાથી યાવત્ લોગસ્સ સુ-
ધી કહેવો.

પારવાની.

૧૫ પછી ખમા૦ ઇચ્છા૦ મુહુપત્તિ પડિલેહુ એમ કહી મુહુપત્તિ
પડિ લેવી.
૧૬ પછી ખમા૦ ઇચ્છા૦ સામાયિક પારૂં? યથાશક્તિ.
૧૭ વળી ખમા૦ ઇચ્છા૦ સામાયિક પાર્યું? તહત્તિ. એમ કહેવું.
૧૮ પછી જમણો હાથ ચવળા ઉપર અથવા કટાસણા ઉપર થાપી
એક નવકાર ગણી સામાઇય વયજુત્તો કહેવો. (કાર ગણવો.
૧૯ પછી જમણો હાથ થાપના સન્મુખ સવળો રાખીને એક નવ-

શ્રી જગચિંતામણિ.

જગચિંતામણિજગહનાહ—જગતના જીવોને ચિંતામણી રત્ન
અને જગતના નાથ. (વોના રક્ષક.
જગગુરૂજગરક્ખણ—જગતના જીવોના ગુરૂ અને જગતના જી-
જગબંધવજગસત્થવાહ—જગતના જીવોના બાંધ અને સાધુ
પ્રમુખ જગજ્જનના સાર્થવાહ.
જગભાવવિઅક્ખણ—જગતના પદાર્થોના રહસ્ય દર્શાવવાને
વિષે વિચક્ષણ.
અટ્ઠાવયસંઠવિયરૂવ—અષ્ટાપદ ઉપર ભરતેશ્વરે સંસ્થાપિત કર્યા છે
કમ્મટ્ઠવિણાસણ—જ્ઞાનાવરણાદિક આઠ કર્મોનો કીધો છે વિનાશ જેણે.
ચઉવીસંપિજિણવર—એવા ચોવીશે જિનવર નિશ્ચય.
જયંતુ અપ્પડિહયસાસણ-॥૧॥—વળી કોઇથી નહીં રોકાય એવું
સાસન છે જેનું એવા તિર્થંકર દેવો જયવંતા વર્તો ॥૧॥

કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં–અસિ મષી અને કૃષિરૂપ કર્મથી આજી-
વિકા ચાલેછે તેને કર્મભૂમિ કહીએ તે કર્મભૂમિના પંદર ક્ષેત્રને વિશે.
પઢમસંઘયણિ—પ્રથમ વજ્રઋષભનારાચ સંઘયણવાળા.
ઉક્કોસયસત્તરિસય—ઉત્કૃષ્ટપણે એકસો સીતેર.
જિણવરાણ વિહરંતલબ્ભઇ—તિર્થંકર દેવો વિચરતા લાભે.
નવકોડીહિં કેવલિણ—નવકોડી કેવળજ્ઞાની મહારાજા.(થી જાણીએ.
કોડિસહસ્સનવસાહુ ગમ્મઇ—નવ હજાર કોડિ સાધુ જિનાગમ-
સંપઇજીનવર વીસમુણિ—હાલમાં શ્રી મંદીરસ્વામી:પ્રમુખ વી-
સ જીનવર અને મુનિ.
બિહુકોડિહિં વરનાણ—બે કોડિ અને પ્રધાન કેવલજ્ઞાનના ધરનાર.
સમણહ કોડિ સહસ્સ દુઅ–બે સહસ્રકોડિ શ્રમણ સાધુ તે સર્વને
થુણિજીઅ નિચ્ચ વિહાણિ-॥૨॥-નિત્યે પ્રભાતે સ્તવન કરીએ.
જયઉસામી જયઉસામી—જયવંતા વર્તો, સ્વામી જયવંતા વર્તો
રિસહ સત્તુંજિ—સ્વામી રિખબદેવ શ્રી શેત્રુંજય તીર્થ ઉપર.
ઉજિજંત પહુ નેમિજિણ—શ્રીગીરનારજી ઉપર શ્રીનેમિજીન પ્રભુ.
જયઉ વીર સચ્ચ ઉરિમંડણ—સાચોર નગરના આભુષણ રૂપ
શ્રી મહાવીરસ્વામી જયવંતા વર્તો.
ભરૂઅચ્છહિં મુણિસુવ્વય—શ્રી ભરૂચશેહેરમાં શ્રીમુનિસુવ્રત સ્વામિ
મુહરિપાસ દુહદુરિઅ ખંડણ—મુહરિ ગામના નાયકા શ્રી પાર્શ્વ-
નાથ એ જિનપંચકદુખ અને દુરિતનો નાશ કરનાર (તિર્થંકરો.
અવર વિદેહિં તિથ્થયરા—બીજા પાંચ મહાવિદેહને વિષે જે
ચિહુ દિસી વિદીસી જીંકેવી—ચાર દિશાઓ અને ચારવિદિ-
શાઓ એટલે ખુણાઓમાં જે કોઇપણ, (સંબંધિ.
તીઆણાગય સંપઇઅ—અતિત, અનાગત અને વર્તમાનકાળ

વંદુજિણ સવ્વેવિ-॥૩॥—સર્વ તિર્થંકર દેવને હું વાંદુ છું ॥૩॥

સત્તાણવઇ સહસ્સા, લખ્ખ છપ્પન્ન અટ્ઠકોડીઓ, બત્તીસ બાસિઆઇં (પાઠાંતર) બત્તીસય બાસિઆઇં, તિઅલોએ ચેઇએવંદે—॥૪॥—આઠક્રોડ, છપ્પનલાખ સત્તાણુંહજાર અને બત્રીસેને બ્યાસી ત્રણલોકને વિષે સર્વજિનપ્રાસાદ પ્રતે હું વાંદુછું ॥૪॥

પનરસયકોડિસંયાઇં—પંદરસેં ક્રોડ અને

કોડીબાયાલ લખ્ખ અડવન્ના—બેતાલીસક્રોડ અઠ્ઠાવનલાખ.

છત્તીસ સહસ અસિઇ (પાઠાંતરં) અસિઆઇં—છત્રીસ હજારને એંશી. (હું પ્રણમું છું ॥ ૫ ॥

સાસય બિંબાઇં પણમામિ—॥ ૫ ॥—શાશ્વતાં જિનબિંબ છે તે પ્રતે.

જંકિંચિ.

જંકિંચિ નામ તિત્થં—જે કોઇ નામ તિર્થ હોય.

સગ્ગેપાયાલિ માણુસેલોએ—સ્વર્ગ, પાતાળ, ને મનુષ્ય લોકમાં

જાઇં જીણ બિંબાઇં—જે કોઇ જીનેશ્વરની પ્રતિમા હોય.!

તાઇં સવ્વાઇં વંદામિ—તે સર્વ પ્રતે હું વાંદુ છું.

નમુત્થુણં.

નમુત્થુણં અરિહંતાણં—અરિહંતને નમસ્કાર થાઓ

ભગવંતાણં ॥૧॥—ભગવાનને.

આઇગરાણં—ધર્મની શરૂઆત કરનારને.

તિત્થયરાણં—તિર્થના કરનારને.

સયસંબુદ્ધાણં ॥૨॥—પોતાની મેળે બોધ પામેલા છે તેમને.

પુરિસુત્તમાણં પુરીસ સીહાણં—પુરૂષને વિષે ઉત્તમ ને પુરૂષને વિષે સિંહ સમાનને.

પુરિસવર પુંડરિઆણં—પુરૂષને વિષે ઉત્તમ પુંડરીકકમળ સરખાને.
પુરિસવર ગંધહત્થીણં ॥૩॥-પુરૂષને વિષે ગંધહસ્તી સરખાને:
લોગુત્તમાણં લોગનાહાણં—લોકમાં ઉત્તમને, લોકના નાથને.

લોગહિઆણં—લોકના હીત કરતારને
લોગપઈવાણં—લોકના વિષે દીવા સમાન
લોગ પજ્જોઅગરાણં-॥૪॥-લોકમાં પ્રકાશ કરનારને

અભયદયાણં—અભયદાનના આપનારને
ચખ્ખુદયાણં—શ્રુત જ્ઞાનરૂપ ચક્ષુના આપનારને

મગ્ગદયાણં સરણદયાણં—મોક્ષમાર્ગ આપનારને, શરણ આપનારને
બોહિદયાણં—॥૫॥-સમકિત બોધીબીજ આપનારને
ધમ્મદયાણં ધમ્મદેસિયાણં—ધર્મના આપનારને ધર્મના ઉપદેશ કરનારને
ધમ્મ નાયગાણં ધમ્મ સારહીણં—ધર્મના નાયકને, ધર્મના સારથીને
ધમ્મવરચાઉરંત ચક્કવટીણં-॥૬॥—ધર્મરૂપી ઉતમ ચાર પ્રકારના ચક્રવર્તીને

અપ્પડિ હય વરનાણ દંસણધરાણં—અસ્ખલિત કેવળજ્ઞાન અને કેવળ દર્શનના ધરનારને

વિઅટ્ટ છઉમાણં-॥૭॥—ઘાતિ કર્મ રહિતને
જીણાણં જાવયાણં—જિનને જાપકને.
તિન્નાણં તારયાણં—તરનારને તારનારને
બુદ્ધાણં બોહયાણં—તત્વના જાણને, તત્વના જણાવનારને.
મુત્તાણં મોઅગાણં-॥૮॥—કર્મથી મુકાયલાને કર્મથી મુકાવનારને
સવ્વન્નૂણં સવ્વ દરિસિણં—સર્વ જાણને, સર્વ દેખનારને
સિવ—ઉપદ્રવ રહિત.

અયલ મરૂઅમણંત મક્ખય—અચળ રોગરહિત અનંત અક્ષય
અવ્વાબાહ—સર્વ બાધારહિત.
અપુણરાવિત્તિ—ફરીથી જેથી પાછા આવવું નથી.
સિદ્ધિગઇનામધેયં—એવી સિદ્ધિ ગતિ છે નામ જેનું
ઠાણં સંપત્તાણં—એવા સ્થાનકે પામેલાને
નમો જિણાણં—જીનને નમસ્કાર થાઓ
જિઅભયાણં ॥૯॥-ભય જીતનારને
જેઅઅઇઆસિદ્ધા—જે ભૂતકાળને વિશે મોક્ષે પહોંચ્યા
જેઅભવિસ્સંતિણાગ્ગ એકાલે—જે અનાગતકાળે સિદ્ધ થશે
સંપઇઅવટ્ટમાણા—વર્તમાનકાળને વિશે વર્તતા
સવ્વે તિવિહેણ વંદામિ ॥૧૦॥-તે સર્વ પ્રતે મન વચન કાયાએ કરી હું વાંદુ છું.

જાવતિં ચેઇઆઇં.

જાવંતિ ચેઇઆઇં—જેટલી જીન પ્રતિમા હોય.
ઉડ્ઢેઅ—ઉર્ધ્વ લોકને વિષે વળી.
અહેઅ—અધો લોકને વિષે વળી.
તિરિઅ લોએ અ—તિર્છા લોકને વિષે વળી
સવાઇંતાઇં વંદે—તે સર્વ પ્રતે હું વાંદુ છું.
ઇહસંતો—અંહિ રહ્યા છતો
તથ્થ સંતાઇં-॥૧॥-ત્યાં તે પ્રતિમા છે તે પ્રત્યે.

જાવંત કેવિસાહૂ.

જાવંત કેવિસાહુ—જેટલા કોઇપણ સાધુ છે.

ભરહે રવય—પાંચ ભરત, પાંચ ઐરાવત.
મહાવીદેહેઅ—પાંચ મહાવિદેહ એ પંદર ક્ષેત્રમાં
સવ્વેસિંતેસિં પણુઓ—તે સર્વને નમસ્કાર થાઓ
તિવિહેણ—મન, વચન, કાયાએ કરીને.
તિદંડ વિરયાણું—॥૨॥—અશુભ ત્રણ દંડથી નિવર્તેલાને.

નમસ્કાર.

નમોઽર્હત—નમસ્કાર થાઓ અરિહંત ભગવાનને.
સિદ્ધાચાર્યો—સિદ્ધ ભગવાનને, આચારજ ભગવાનને.
પાધ્યાય સર્વ સાધુભ્યઃ—ઉપાધ્યાયને, અને સર્વ સાધુને,

ઉવસગ્ગહર સ્તવન.

ઉવસગ્ગહરં—ઉપસર્ગના હરનાર.
પાસં—પાર્શ્વ નામનો યક્ષ છે સેવક જેનો એવા.
પાસંવંદામિ—શ્રીપાર્શ્વનાથ મહારાજને હું વાંદું છું.
કમ્મઘણમુક્કં—કર્મના સમુહથી મુક્તાને.
વિસહર વિસવિન્નાસં—સાપનું ઝેર અતિશયે કરીને નાશ કરનારને.
મંગલ કલ્યાણ આવાસં—॥૧॥—મંગળ અને કલ્યાણના ઘરને.
વિસહર ફુલીંગમંતં—વિષહર ફુલિંગ મંત્રને.
કંઠેધારેઇ—કંઠને વિષે ધારણ કરે.
જોસયા મણુઓ—જે કોઇ માણસ હમેશાં.
તસ્સ ગહ રોગમારી—તેના ગ્રહ, રોગ, મરકી,
દુઠ્ઠ જરાજંતી ઉવસામં ॥૨॥—દુષ્ટ જરા ઉપશમ પામે.
ચિઠ્ઠઉ દુરેમંતો—એ મંત્ર દૂર રહો.
તુજ્જ પણામોવિ—તમને નમસ્કાર કરવો તે પણ.

બહુફલો હોઇ—ઘણું ફળ આપનાર છે,
નરતિરિએ સુવિજીવા—મનુષ્ય તિર્યંચને વિષે પણ જીવો.
પાવંતી ન દુખ્ખ દોગચ્ચં ॥૩॥—દુઃખ દારિદ્ર નથી પામતા.
તુહસમ્મતે લધ્ધે—તમારૂં સમ્યક્ત્વદર્શન પામે છે તે.
ચિંતામણી ચિંતામણિરત્ન.
કપ્પપાયવબ્ભહીએ—કલ્પવૃક્ષથી પણ અધિક એવું.
પાવંતી અવિગ્ઘેણં—વિઘ્નરહિતપણે પામે છે
જીવા અયરામરંઠાણં ॥૪॥—ભવ્ય જીવો અજરામર સ્થાનકને.
ઇઅ સંથુઓ મહાયસ—એ પ્રમાણે સ્તવ્યો હે ! મહાયશ.
ભત્તિબ્ભરનિબ્ભરેણ—ભક્તિના સમુહે પુરણ ભરેલ.
હીઅએણ તા—હૃદયે કરીને તે કારણ માટે.
દેવદિજ્જ હે દેવ આપો.
બોહીભવભવે—બોધીબીજ જન્મો જન્મ.
પાસજીણચંદ ॥૫॥—હે પાર્શ્વ જીણચંદ્ર.

જયવિયરાય.

જયવીયરાયજગગુરૂ —જય પામો, હે શ્રીવીતરાગ, હે જગત્રય ગુરૂ.
હોઉમમતુહપભાવઓ—હોજો મારે તમારા પ્રભાવથી.
ભયવંભવનિવ્વેઓ—હે ભગવંત, ભવનું ઉદાસપણું.
મગ્ગાણુસારીઆ ઇઠ્ઠફલસીદ્ધી ॥૧॥—માર્ગાનુસારીપણું ઇચ્છેલા
લોગ વિરૂદ્ધ ચ્ચાઓ—લોક વિરૂદ્ધનો ત્યાગ.
ગુરૂજણપુઆ —માતાપિતાદીક સદગુરૂની સેવા.
પરથ્થકરણંચ—વળી પરોપકાર કરવો તે.
સુહગુરૂજોગો— શુદ્ધ ગુરૂનો મેળાપ.
તવ્વયણસેવણા—તેમના વચનની સેવા તે સર્વ.

આભવમખંડા–॥૨॥–જ્યાંસુધી મારે સંસાર છે ત્યાંસુધી અખંડ હોજો
વારીજ્જઇજઇવી—નિષેધ્યુ છે યદ્યપિ.
નિયાણબંધણં—નિયાણાંનું બાંધવું.
વીઅરાયતુહસમએ—હે શ્રીવીતરાગ તમારા સિદ્ધાંતમાં.
તહવીમમહુજ્જસેવા—તોપણ મારે હોજો સેવા.
ભવેભવેતુમ્હચલણાણં—જનમો જનમના વિષે તમારા ચરણની.
દુક્ખખઓ—શરીર અને મન સબંધી દુઃખનો નાશ. (વળી.
કમ્મખ્ખઓ સમાહિમરણં ચ—આઠ કરમનો નાશ, સમાધી મરણ,
બોહીલાભોઅસંપજ્જઉ—બોધીબીજના લાભ થાઓ.
મહએઅં તુહનાહ– મારે એ ચાર બાબતો હે નાથ.
પણામકરણેણં–॥૪॥–તમને પ્રણામ કરતે કરી.
સર્વ મંગલ માંગલ્યં—સર્વ મંગલીક માંહિ મંગલીક.
સર્વ કલ્યાણ કારણં—સર્વ કલ્યાણનું કારણ.
પ્રધાન સર્વ ધર્માણાં—સર્વ ધર્મમાં મુખ્ય.
જૈનં જયતિશાસનં–॥૫॥ એવું જૈનશાસન જયવંતુ વર્તે છે.

અરિહંત ચેઇઆણં.

અરિહંત ચેઇઆણં—અરિહંતની પ્રતિમાઓને.
કરેમિકાઉસગ્ગં ॥૧॥ હું કાઉસગ્ગ કરૂં છું.
વંદણ વત્તિઆએ –વાંદવાને નિમિત્તે.
સક્કાર વત્તિઆએ—સત્કારના નિમિત્તે.
સમ્માણ વત્તિઆએ—સન્માનના નિમિતે,
બોહીલાભ વત્તિઆએ—બોધી લાભના નિમિતે,
નિરૂવસગ્ગ વત્તિઆએ–॥૨॥–જન્મ જરા મરણના ઉપસર્ગથી
રહિત મોક્ષરૂપ સ્થાનક પામવાને નિમિતે.

સદ્ધાએ, મેહાએ-શ્રદ્ધાએ, નિર્મળ બુદ્ધિએ.

ધીઇએ ધારણાએ—ચિત્તની સ્થિરતાએ, ધારણાએ.

અણુપેહાએ, વડ્ઢમાણીએ—વારંવાર વિચારપૂર્વક ચઢતે ભાવે ઠામિકાઉસ્સગ્ગં-ઠાઉં છું કાઉસગ્ગ કરૂં છું.

ચૈત્યવંદન વિધિ.

૧ પ્રથમ ત્રણ ખમાસમણાં દેવાં, ૨ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં ઇચ્છં એમ કહેવું, ૩ પછી ચૈત્યવંદન, જંકિંચી પછી બે હાથ જોડી નાસીકા સુધી ઉંચા રાખી નમુત્થુણં કહેવું, ૪ પછી જાવંતિ ચેઇઆઇં ખમાસમણું દેઇ જાવંત કેવીસાહુ પછી નમોર્હત કહી સ્તવન કહેવું પછી ૫ બે હાથ જોડી માથા સુધી ઉંચા રાખી જયવીયરાય પુરા કરવા, ૬ પછી ઉભા થઇ અરીહંત ચેઇઆણં કરેમી કાઉસ્સગ્ગં અન્નત્થ ઉસસીએણં કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો, ૭ પછી **નમો અરીહંતાણં** બોલી નમોર્હત સીદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ કહી એક થોય કહેવી અને ખમાસમણું દેવું.

પરચુરણ બાબતો.

વીસસ્થાનક પદનાં નામ ગુણ સહિત ૧.—અરિહંતના ગુણ ૧૨. સિદ્ધના ગુણ ૮. પ્રવચનના ૪૫. આચારજના ૩૬. થવીરના ૧૨. ઉપાધ્યાયના ૨૫. સાધુના ૨૭. જ્ઞાનના ૫૧. દર્શનના ૬૭. વિનયપદના ૧૦. ચારિત્રના ૭૦. બ્રહ્મચર્યના ૯. કીયાણના ૨૫. તપના ૧૨. ગોયમસના ૨૮. જીનપદના ૨૪. સંજમના ૧૮. જ્ઞાન પદના ૫૧. શ્રુત પદના ૮૪. ૨૦ તીર્થપદના ૪.

નવપદનાં નામ ગુણ સહિત.—૧ આરહંતના ૧૨. ૨ સિદ્ધના ૮. ૩ આચારજના ૩૬. ૪ ઉપાધ્યાયના ૨૫. ૫ સાધુના ૨૭. ૬ દર્શનના ૬૭. ૭ જ્ઞાનના ૫૧. ૮ ચારિત્રના ૭૦. ૯ તપના ૧૨.

ચાર ગતિનાં નામ.—૧ દેવગતિ. ૨ મનુષ્યગતિ ૩ તિર્યંચગતિ ૪ નરકગતિ. **પાંચ ઇંદ્રિઓનાં નામ**—૧ફરસઇંદ્રિ. ૨ રસઇંદ્રિ. ૩ ઘ્રાણઇંદ્રિ. ૪ ચક્ષુઇંદ્રિ. ૫ શ્રોતઇંદ્રિ. **છ કાયનાં નામ.**—૧ પૃથ્વીકાય. ૨ અપકાય. ૩ તેઉકાય. ૪ વાઉકાય. ૫ વનસ્પતિકાય. ૬ ત્રસકાય. **ત્રણ જોગનાં નામ.**—૧ મનજોગ. ૨ વચનજોગ. ૩ કાયજોગ. **ત્રણ વેદનાં નામ**—૧ સ્ત્રી વેદ ૨ પુરૂપવેદ. ૩ નપુંસકવેદ. **ચાર કષાયનાં નામ.**—૧ ક્રોધ. ૨ માન. ૩ માયા. ૪ લોભ. **આઠ જ્ઞાનનાં નામ**—૧ મતિજ્ઞાન. ૨ શ્રુતજ્ઞાન. ૩ અવધિજ્ઞાન. ૪ મનઃપર્યવજ્ઞાન. ૫ કેવળજ્ઞાન. ૬ મતિઅજ્ઞાન. ૭ શ્રુતઅજ્ઞાન. ૮ વીભંગઅજ્ઞાન. **આઠ કર્મના નામ.**—૧ જ્ઞાનાવર્ણીકર્મ ૨ દર્શનાવર્ણી કર્મ. ૩ વેદની કર્મ. ૪ મોહની કર્મ, ૫ આયુકર્મ ૬ નામકર્મ, ૭ ગોત્રકર્મ. ૮ અંતરાય કર્મ. **નવ તત્વનાં નામ.**—૧ જીવતત્વ. ૨ અજીવતત્વ. ૩ પુન્યતત્વ. ૪ પાપતત્વ. ૫ આશ્રવતત્વ. ૬ સંવરતત્વ. ૭ નિર્જરાતત્વ. ૮ બંધતત્વ. ૯ મોક્ષતત્વ. **સાત વ્યસનનાં નામ.**—૧ જુઆર. ૨ માંસઆહારી. ૩ મદીરાપાન. ૪ વેસ્યાભોગ. ૫ જીવહિંસા. ૬ ચોરી. ૭ પરદારાસેવન. **પાંચમહાવ્રતના નામ.**—૧ પ્રાણાતીપાત વીરમણવ્રત. ૨ મૃષાવાદ વીરમણવ્રત. ૩ અદત્તાદાન વીરમણવ્રત. ૪ મૈથુન વીરમણવ્રત. ૫ પરિગ્રહ વીરમણવ્રત. **ચાર શરણનાં નામ.** ૧ અરિહંતભગવાનનું શરણ ૨ સિદ્ધભગવાનનું શરણ. ૩ સર્વસાધુનુ શરણ. ૪ કેવળીભાષીત ધર્મનું સરણ. **જીનરાજની નવ અંગે પુજા કરવી તે.** ૧ જમણા તથા ડાબા પગને અંગુઠે ૨ જમણા તથા ડાબા ઢીંચણે. ૩ જમણા તથા ડાબા કાંડે, ૪ જમણા તથા ડાબા ખભે. ૫ મસ્તકે. ૬ કપાળે. ૭ કંઠે. ૮ હૃદયે. ૯ નાભિએ **ચાર. દર્શનનાં નામ.** ૧ ચક્ષુદર્શન. ૨ અચક્ષુદર્શન. ૩ અવધિદર્શન. ૪ કેવળદર્શન.

ભાવના.

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમ પ્રભુ:
મંગલં સ્થૂલીભદ્રાદ્યા, જૈનો ધર્મોઽસ્તુ મંગલં—૧
દર્શનં દેવ દેવસ્ય, દર્શનં પાપ નાશનં;
દર્શનં સર્વ સોપાનં દર્શનં મોક્ષ સાધનં.—૨
પ્રભુ દર્શન સુખ સંપદા, પ્રભુ દર્શન નવનિદ્ધ:
પ્રભુ દર્શનથી પામીએ, સકળ પદારથ સિદ્ધ—૩
ભાવે જીનવર પૂજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન.—૪
જીવડા જીનવર પૂજીએ, પૂજ્યાનાં ફળ હોય;
રાજ નમે પ્રજા નમે, આણ ન લોપે કોય.—૫
વાડી ચંપો મોરીઓ, સોવન પાંખડીએ:
પાર્શ્વ જીનેશ્વર પૂજીએ, પાંચે આંગળીએ;—૬
આભને વહાલી વીજળી, ધરતીને વહાલો મેહ:
રાજુલ વહાલા નેમજી, આપને વહાલો દેહ;—૭
આખી જલેબી પાતળી, ખૂણે બેશી ખાય;
દેવ ગુરની નિંદા કરે, તે સાતમી નરકે જાય.—૮
ત્રીભુવન નાયક તું ધણી, મહા મોટો માહારાજ:
મોટે પુન્યે પામીઓ, તુમ દર્શન હું આજ:
આજ મનોરથ સવી ફળ્યા, પ્રગટયાં પુન્ય કલ્લોલ;
પાપ કરમ દૂરે ટળ્યાં, નાઠાં દુ:ખ ભંડોળ;
સકળ કર્મ વારી, મોક્ષ માર્ગાધિકારી;
ત્રિભુવન ઉપગારી, કેવળજ્ઞાન ધારી.
ભવિજન નિત્ય સેવો. દેવ એ ભક્તિભાવે;

ઇહ જીન ભજતાં, સર્વ સંપત્તિ આવે.
જીનવર પદ સેવા, સર્વ સંપત્તિ દાઇ;
નિસદિન સુખદાઇ, કલ્પવલ્લી સુહાઇ.
નમિ વિનમી લહીજે, સર્વ વિદ્યા વડાઇ;
ઋષભ જીનંદ સેવા, સાધતાં શુભ પાઇ.
તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાયનાથ,
તુભ્યં નમઃક્ષિતિતલા મલભૂષણાય;
તુભ્યં નમસ્ત્રીજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જીન ભવોદધિ શોષણાય.

પ્રભાતીયું.

પાસ સંખેશ્વરા સાર કર સેવકાં, દેવ કાં એવડી વાર લાગે;
કોડી કરજોડી દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માગે. પા. ૧
પ્રગટ થા પાસજી મેલી પડદો પરો, મોડ અસુરાણને આપ છોડો;
મુજ મહીરાણ મંજુસમાં પેસીને, ખલકના નાથજી બંધ ખોલો. પા. ૨
જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમ શું આજ જીનરાજ ઉંઘે;
મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ જગકાળ મોંઘે. પા. ૩
ભીડ પડી જાદવા જોર લાગી જરા, તતક્ષાણ ત્રિકમે તુજ સંભાર્યો;
પ્રગટ પાતાળથી પલકમાં થઇ પ્રભુ, ભક્તજન તેહનો ભય નિવાર્યો. પા.૪
આદી અનાદિ અરિહંત તું એક છે, દીન દયાળ છે કોણ દુજો;
ઉદયરત્ન કહે પ્રગટ પ્રભુ પાસજી, પાપી ભયભંજનો એહ પુંજો. પા. ૫

ચૈત્યવંદન.

આજ દેવ અરિહંત નમું, સમરૂં તાહરૂં નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિનતણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ. ૧

શેત્રુંજ શ્રી આદિ દેવ, નેમ નમું ગીરનાર;
તારંગે શ્રી અજિતનાથ, આબુ ઋષભ જુહાર. ૨
અષ્ટાપદ ગીરિ ઉપરે. જિન ચોવીશે જોય;
મણિમય મૂરતિ માનસું, ભરતે ભરાવી સોય. ૩
સમેતશિખર તીરથ વડું, જિહાં વીશે જિન પાય;
વૈભારગીરિવર ઉપરે, શ્રી વીરજિનેશ્વર રાય. ૪
માંડવગઢના રાજિયો, નામે દેવ સુપાસ;
ઋષભ કહે જિન સમરતાં, પહોંચે મનની આશ. ૫

શ્રી શેત્રુંજય સિદ્ધ ક્ષેત્ર, દીઠે દુરગતી વારે;
ભાવ ધરીને જે ચઢે, તેને ભવ ભવ પાર ઉતારે. ૧
અનંત સિદ્ધનો એ ઠામ, સકળ તીરથનો રાય;
પુરવ નવાણું રીખવ દેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય. ૨
સુરજ કુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ;
નાભીરાયા કુળ મંડણો, જીનવર કરૂં પ્રણામ. ૩

શ્રી પાર્શ્વનાથ ચૈત્યવંદન.

જય ચિંતામણી પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી;
અષ્ટ કરમ રીપુ જીતીને. પંચમ ગતિ પામી. ૧
પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવ ભયતણાં, પાતક સબ દહિયે. ૨
ૐ હ્રીં વર્ણ જોડી કરી એ, જપીયે પારસ નામ;
વિષ અમ્રત થઇ પરગમે, પામે અવિચળ ઠામ — ૩

શ્રી મલ્લિનાથજીનું ચૈત્યવંદન.

મલ્લિનાથ ઓગણીશમા, જસ મીથીલા નગરી;
પ્રભાવતી જસ માવડી, ટાલે કર્મ પયડી. ૧

તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ પચીસની કાયા;
લંછન કળસ મંગલ કરૈ, નિરમલ નિરમાયા. ૨
વરસ પંચાવન સહસનું, જિનવર ઉત્તમ આય;
પદ્મવિજય કહે તેહને, નમતાં શિવ સુખ થાય. ૩

શ્રી પંચ પરમેષ્ટિ ચૈત્યવંદન.

બાર ગુણ અરિહંત દેવ. પ્રણમીજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે. ૧
આચારજ ગુણ છત્રીશ, પચવીશ ઉવઝાય;
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં સુખ થાય. ૨
અષ્ટોત્તરશત ગુણ મળીએ એમ સમરો નવકાર;
ધીરવિમલ પંડીત તણો. નય પ્રણમે નીત સાર. ૩

શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

સીદ્ધાચળ ગિરી ભેટ્યારે, ધન્ય ભાગ્ય હમારાં.—એ આંકણી
એ ગીરીવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પાર;
રાયણ રીખભ સમોસર્યા સ્વામી, પુરવ નવાણું વારારે. ધ૦ ૧
મુળનાયક શ્રી આદિ જીનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચારા;
અષ્ટ દ્રવ્યે પુજો ભવી ભાવે, સમકીત મુલ આધારારે. ધ૦ ૨
ભાવ ભગતીશું પ્રભુ ગુણ ગાતાં, અપના જનમ સુધારા·
જાત્રા કરી ભવીજન શુભ ભાવે, નરગતી દુરગતી વારારે. ધ૦ ૩
દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા;
પતીત ઉદ્ધારન બીરૂદ તુમારો, એ તીરથ જગ સારારે. ધ૦ ૪
અઢારસેં ત્યાસી માસ અષાડો, વદ આઠમ ભોમવાર;
પ્રભુકે ચરણ પસાયથી સંઘમાં, ક્ષીમારતન પ્રભુ પ્યારારે. ધ૦ ૫

શ્રી પંચતિર્થનું સ્તવન.

હે સાહેબજી, નેક નજર કરી નાથ સેવકને તારો;
હે સાહેબજી, મેહેર કરી પૂજાનું ફળ મુને આલો.
પ્રભુ તુજ મુરતિ મોહનવેલી, પૂજે સુર અપસરા અલબેલી;
વર ઘનસાર કેસરશું ભેળી— હે સાહેબજી.
સિદ્ધાચળ તીર્થ ભવિ સેવો, ચૌદ ક્ષેત્રે તિરથ નહીં એવો;
એમ બોલે દેવાધિ દેવો— હે સાહેબજી૦
ગિરનારે જઈએ નેમ પાસે, ઘણાં ભવિજન સિદ્ધિ જાશે;
જસ ધ્યાને પાતિકડાં નાસે— હે સાહેબજી૦
આબુગઢ આદિજીન રાયા, નેમનાથ શિવાદેવી જાયા;
જસ ચોસઠ ઇંદ્રે ગુણ ગાયા— હે સાહેબજી૦
વળી સમેતશિખરે જગના ઈશ, ગયા મોક્ષે જીનરાજ વીશ;
ધ્યેય ધ્યાવો ભવિજન નિશદીશ— હે સાહેબજી૦
અષ્ટાપદે સકળ કર્મ ટાળી, પ્રભુ વરીયા શિવવધુ લટકાળી;
આદિશ્વર પૂજતાં દીવાળી— હે સાહેબજી૦
એ આદે તિર્થ પ્રણમો મન રંગે, વળી પૂજો પ્રભુને નવ અંગે;
કહે ધર્મચંદ્ર અતિ ઉમંગે— હે સાહેબજી૦

શ્રી આદેશ્વરનું સ્તવન

વિમળાચલ વાસી મારા વ્હાલા સેવકને વિસારો નહિ વિ૦ જળવિન મીન દુઃખ અતિ પામે, જીણંદ આપ જાણો સહી; દુઃખ હરનારા ભવિજન પ્યારા, શરણે છું મહારાજ; ચાર ચોર મુજ કેડે પડીયા, પુણ્ય રતનને કાજ, સેવકને૦ વિ૦ ॥૧॥ પાપી ચંડાળો પકડી મુજ માલ હરી લેનાર, જિનજી જો મુજ વ્હારે આવો, તો હું ઉ-

ગરનાર, સેવકને૦ વિ૦ ॥૨॥ જન્મ મરણનાં દુઃખ બહુ વેઠયાં, પણ નવ આવ્યો પાર, તે દુઃખને દૂર કરવા કારણ આવ્યો તુમ દરબાર સેવકને૦ વિ૦ ॥૩॥ અરજી ઉર ધરી નેહ નજર કરી, સેવકની કરો સાર; કૃપાતણા એ સિંધુ તુમ વિણ, કોણ ઉતારે પાર. સેવકને૦ વિ૦ ॥૪॥ ભવદુઃખ ભંજન ભગવત કરો, મુજ કઠણ કરમનો નાશ, પદ પંકજ સેવે માણેક મધુકર, પુરો મનની આશ. સેવકને૦ વિ૦ ॥૫॥

શ્રી આદિશ્વરજીનું સ્તવન.

માતા મારૂદેવાના નંદ, દેખી તારી મુરતી મારૂં મન લોભાણુંજી;
મારૂં હીરલો લોભાણુંજી, દેખી તારી મુરતી૦—એ ટેક.
કરૂણાના ઘર કરૂણા સાગર, કાયા કંચનવાન;
ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ પાંચસે માન—માતા૦
ત્રીગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર;
યોજન ગામિની વાણી મીઠી, વરસંતી જલધાર—માતા૦
ઉર્વશી રૂડી અપસરાને, રામા છે મન રંગ;
પાયે નેપુર રણઝણે, કાંઈ કરતી નાટારંભ—માતા૦
તુંહી બ્રહ્મા તુંહી વીધાતા, તું જગ તારણહાર;
તુજ સરિખો નહીં દેવ જગતમાં, અરવડીઆ આધાર—માતા૦
તુંહી ભ્રાતા તુંહી ત્રાતા, તુંહી જગતનો દેવ;
સુર નર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ—માતા૦
શ્રી સિદ્ધાચળ તીરથ કેરો, રાજા ઋષભ જીણંદ;
કીર્તિ ભાખે માણેકમુનિ તારી, ટાળો ભવ ભય ફંદ—માતા૦

શ્રી સીમંધર સ્વામીનું સ્તવન.

સુણો ચંદાજી, સીમંધર પરમાતમ પાસે જાજો; મુજ વિનતડી, પ્રેમ ધરીને એણીપરે તુમે સંભળાવજો. એ આંકણી—જે ત્રણ ભુવન-

નો નાયક છે, જસ ચોસઠ ઇંદ્રિ પાયક છે, જ્ઞાન દરિસણ જેહને ક્ષાયક છે; સુણો૦ ॥૧॥ જસ કંચનવરણી કાયા છે. જસ ધોરી લંછન પાયા છે, પુંડરીકગીરી નગરીનો રાયા છે; સુણો૦ ॥૨॥ બાર પરખદા માંહી બિરાજે છે, જશ ચોત્રીશ અતિશય છાજે છે, ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે; સુણો૦ ॥૩॥ ભવિજનને તે પડિબોહે છે; તુમ અધિક શીતળ ગુણ સોહે છે, રૂપ દેખી ભવિજન મોહે છે; સુણો૦ ॥૪॥ તુમ સેવા કરવા રસિયો છું. પણ ભરતમાં દૂરે વસીયો છું; મહા મોહરાય કર ફસીયો છું; સુણો૦ ॥૫॥ પણ સાહિબ ચિત્તમાં ધરીયો છે, તુમ આણા ખડગ કર ગ્રહિયો છે; પણ કાંઇક મુજથી ડરીયો છે સુણો૦ ॥૬॥ જિન ઉત્તમ પુંઠ હવે પૂરો, કહે પદ્મવિજય થાઉ શૂરો; તો વાધે મુજ મન અતિ નૂરો; સુણો૦ ॥૭॥

શ્રી મલ્લીનાથનું સ્તવન.

ગોપીચંદ લડકા બાદલ બરસે કંચન મેહેલમા એ રાગ.

જીનરાજા તાજા, મલ્લિ બિરાજે ભાયણી ગામમાં. ટેક૦
દેશ દેશકે જાત્રુ આવે, પુજા સરસ રચાવે;
મલ્લિ જિનેશ્વર નામ સીમરકે, મનવંછીત ફલ પાવેજી. જિ૦ ૧
ચાતુર વરણકે નર નારી મીલ, મંગલ ગીત કરાવે;
જયજયકાર પંચ ધ્વની વાજે, શિરપર છત્ર ફિરાવેજી. જિ૦ ૨
હિંસક જન હિંસા તજી પુજે, ચરણે શિશ નમાવે;
તું બ્રહ્મા તું હરી શિવશંકર, અવર દેવ નહિ ભાવેજી. જિ૦ ૩
કરૂણારસ ભર નયન કચોરે, અમૃત રસ વરસાવે;
વદન ચંદ્ર ચકોર જ્યું નીરખી, તન મન અતિ ઉલસાવેજી. જિ૦ ૪
આતમ રાજા ત્રિભુવન તાજા, ચિદાનંદ મન ભાવે;
મલ્લિ જિનેશ્વર મનહર સ્વામી, તેરા દરસ સુહાવેજી. જિ૦ ૫

સમેતસિખરજીનાં સ્તવન.

જઈ પુજો લાલ સમેતશીખર ગીરી ઉપર પાસજી શામળા.
જીન ભગતિ લાલ કરતાં જીન પદ પાવે ટળે ભવ આંબળા. આંકણી.
છહરી પાળી દરસણ કરીએ, ભવ ભવ સંચીત પાતીક હરીએ;
નીજ આતમ પુન્યરસે ભરીએ. જઈ પુજો લાલ૦
એ ગીરીવર નીત્ય સેવા કીજે, જીમ શીવસુખ૮ાં કરમાં લીજે;
ચીદાનંદ સુધારસ નીત્ય પીજે, જઈ પુજો લાલ ૨
જીહાં શીવરમણી વરવા આવ્યા, અજીતાદિક વીશે જીનરાયા;
બહુ મુનીવર જીન શીવવધુ પાયા. જઈ પુજો લાલ૦ ૩
તેણે એ ઉત્તમ ગીરી જાણો, કરો સેવા આતમ કરી સ્યાણો;
એ ફરી ફરી નહીં આવે ટાણો. જઈ પુજો લાલ૦ ૪
તુમે મન ધન કંચનની માયા, કરતાં અસુચી કીધી કાયા;
કેમ તરશો વીણ એ ગીરીરાયા; જઈ પુજો લાલ૦ ૫
એમ શુભમતી વચન સુણો તાજા, એ ભજો જગગુરૂ આતમરાજા;
ગીરી ફરસે ધરી મન સુચી માજા; જઈ પુજો લાલ૦ ૬
સંવતસર રીખી ગજ ચંદ સમે, ફાગણ સુદી તીજ બુધવાર ગમે;
ગીરી દરસણ કરતાં ચીત રમે; જઈ પુજો લાલ૦ ૭
પ્રભુ પદ પદ્મતણી સેવા, કરતાં નીત્ય લહીએ શીવ મેવા;
કહે રૂપવિજય મુજ તે હેવા. જઈ પુજો લાલ૦ ૮

શ્રી શંખેશ્વરજીનું સ્તવન.

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો;
સાંભળીને આવ્યો હું તીરે, જનમ મરણ દુઃખ વારો;
સેવક અરજ કરે છે રાજ, અમને શીવ સુખ આપો:-એ આંકણી.

સહુકોનાં મન વંછીત પૂરો ચિંતા સહુની ચુરો;
એહવું બિરૂદ છે રાજ તમારૂં, કેમ રાખોછો દુરે; સે૦ ૨
સેવકને વલવલતો દેખી, મનમાં મેહેર ન ધરશો;
કરૂણાસાગર કેમ કેહેવાશો, જો ઉપકાર ન કરશો; સે૦ ૩
લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરિસણ દીજે;
ધુંઆડે ધીજું નહી સાહિબ, પેટ પડ્યાં પતીજે; સે૦ ૪
શ્રી શંખેશ્વર મંડણ સાહિબ, વિનતડી અવધારો;
કહે જીન હર્ષ મયા કરી મુજને, ભવસાયરથી તારો. સે૦ ૫

શ્રી પાર્શ્વનાથનું સ્તવન

આવો રે આવો પાસજી મુજ મળીયારે,
મારા મનના મનોરથ ફળીયા; આવોરે એ આંકણી૦
તારી મૂરતી મોહનગારીરે, સહુ સંઘને લાગે પ્યારી રે;
તમને મોહી રહ્યા સુર નર નારી; આ૦ ૧
અલબેલી મુરત પ્રભુ તારીરે, તારા મુખડા ઉપર જાઉં વારીરે;
નાગ નાગણિની જોડ ઉગારી; આ૦ ૨
ધન્ય ધન્ય દેવાધિદેવારે, સુરલોક કરે છે સેવારે;
હમને આપોને શિવપુર મેવા; આ૦ ૩
તમે શિવ રમણીના રસિયારે, જઇ મોક્ષપુરીમાં વસિયારે;
મારા હૃદય કમળમાં વસિયા. આ૦ ૪
જે કોઇ પાસતણા ગુણ ગાશેરે, ભવ ભવનાં તે પાતિક જાશે;
તેનાં સમકિત નિર્મળ થાશે. આ૦ ૫
પ્રભુ ત્રેવીસમા જીનરાયારે માતા વામાદેવીના જાયારે;
અમને દરિશન દોને દયાળા. આ૦ ૬
હુંતો બળીબળી લાગુ પાયરે, મારા ઉરમાં તે હરખ ન માયરે;
એમ માણેકવિજય ગુણ ગાય. આ૦ ૭

(મોતીડા હંસારે વિષય ન રાચીયે.—એ દેશી.)

સીધારથનારે નંદન વીનવું, વીનતડી અવધાર;
ભવમંડપમાંરે નાટક નાચીઓ, હવે મુજ દાન દેવરાવ. સી૦ ૧
ત્રણ રતન મુજ આપો તાતજી, જેમ નાવેરે સંતાપ;
દાન દેયંતાંરે પ્રભુ કોસર કિસિ, આપો પદવી આપ. સી૦ ૨
ચરણ અંગુઠે તે મેરૂ કંપાવીઓ, મોડ્યાં સુરનાંજ માન;
આઠ કરમના તે ઝઘડા જીતવા, દીધાં વરસીદાન સી૦ ૩
સાસન નાયક સીવસુખ દાયક, ત્રીસલા કુખે રતન;
સીધારથનારે વંશ દીપાવીઆ, પ્રભુજી તમને ધન ધન. સી૦ ૪
વાચક શિખર કીર્તિવિજય ગુરૂ, પ્રણમું તાસ પસાય;
ધરમતણા એ જીન ચોવીશમા, વિનયવિજય ગુણ ગાય. સી૦ ૫

શ્રી મહાવીરસ્વામિનું સ્તવન.

(રાગ ધનાશ્રી.)

ગિરૂઆરે ગુણ તુમતણા, શ્રી વર્ધમાન જીન રાયારે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મળ થાયે કાયારે. ગિ૦ ૧
તુમ ગુણ ગણ ગંગાજળે, હું ઝીલી નિર્મળ થાઉરે;
અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉરે. ગિ૦ ૨
ઝીલ્યા જે ગંગાજળે, તે છીલર જળ નવિ પેસેરે;
જે માલતી ફુલે મોહીઆ, તે બાવળ જઇ નવ બેસેરે. ગિ૦ ૩
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યાને વળી માચ્યારે;
તે કેમ પર સુર આદરે, જે પરનારી વશ રાચ્યારે. ગિ૦ ૪
તું ગતી તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારોરે;
વાચક જસ કહે માહરે, તું જીવન જીવ આધારોરે. ગિ૦ ૫

અથ સિદ્ધચક્ર સ્તુતિ.

અરિહંત નમો વળી સીદ્ધ નમો, આચારજ વાચક સાહુ નમો ॥ દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો ॥ ૧ ॥ અરીહંતઅનંત થયા થશે, વળી ભાવ નીક્ષેપે ગુણ ગાશે ॥ પડીક્કમણાં દેવ વંદન વીધીશું આંબીલ તપ ગણણું ગણો વીધીશું ॥ ૨ ॥ છઠ્ઠરી પાલી જે તપ કરશે, શ્રીપાળતણી પેરે ભવ તરશે ॥ સિદ્ધચક્રને કુણ આવે તોલે, એહવા જીન આગમ ગુણ બોલે ॥ ૩ ॥ સાડા-ચાર વરસે તપ પુરૂં, એ કર્મ વીદારણ તપ શુરૂં ॥ સીદ્ધચક્રને મન મંદીર થાપો, નય વીમલેસર વર આપો ॥ ૪ ॥

પ્રહ ઉઠી વંદુ, રીષભદેવ ગુણવંત, પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત. ત્રણ છત્ર બીરાજે, ચામર ઢાળે ઇંદ્ર; જીનના ગુણ ગાવે, સુરનર નારીના વૃંદ;

સિદ્ધાચળની થોયો.

શ્રી શેત્રુંજે તિરથ સાર, ગીરીવરમાં જેમ મેરૂ ઉદાર;
ઠાકોર રામા અપાર ॥ મંત્રમાંહી નવકારજ જાણું;
તારામાં જેમ ચંદ્ર વખાણું, જળધર જળમાં જાણું ॥
પંખીમાં જેમ ઉત્તમ હંસ, કુળ માંહી જેમ રીષભનો વંશ;
નાભિ તણો એ અંશ ॥ ક્ષમાવંતમાં શ્રી અરિહંત;
તપસુરામાં મહા મુનિવંત, શેત્રુંજે ગયા ગુણવંત.

શ્રી મંધરસ્વામીની.

મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધરસ્વામી, સોનાનું સીંહાસનજી;
રૂપાનું ત્યાં છત્ર બિરાજે, રત્નમણીમાં દીવા ચારજી.
કુમકુમવરણી ત્યાં ગહુંલી બિરાજે, મોતીના અક્ષતસારજી;
ત્યાં બેઠા સીમંધરસ્વામી, બોલે મધુરી વાણીજી.

કેશર ચંદન ભર્યાં કચોળાં, કસ્તુરી બરાસજી;
પેહેલી પુજા અમારી હોજો, ઉગમતે પ્રભાતેજી.


પાર્શ્વનાથજીની થાય.

પાસ જીણંદા વામાનંદા, જબ ગરભે ફળી;
સુપના દેખે અર્થ વિશેષ, કહે મઘવા મળી;
જીનવર જાયા સુર હુલરાયા, હૂવા રમણી પ્રીએ;
નેમિ રાજી ચિત્ત વિરાજી, વિલોકીત વ્રત લીએ. ૧

વીર એકાકી ચાર હજારે, દીક્ષા ધુરે જિનપતી;
પાસને મલ્લી ત્રયશત સાથે, બીજા સહસે વ્રતી;
ખટશત સાથે સંજમ ધરતા, વાસુપુજ્ય જગધણી,
અનુપમ લીલા જ્ઞાન રસીલા, દેજો મુજને ઘણી. ૨

જિન મુખ દીઠી વાણી મીઠી, સુરતરૂ વેલડી,
દ્રાખ વિહાસે ગઈ વનવાસે, પીલે રસ શેલડી;
સાકર શેતી તરણાં લેતી, મુખે માગ પીરાવતી,
અમૃત મીઠું સ્વર્ગે દીઠું, સુરવધુ ગાવતી. ૩

ગજ મુખ દક્ષો વામન જક્ષો, મસ્તકે ફણાવલી,
ચાર તે બાંહી કચ્છપ વાહી, કાયા જસ શામલી;
ચઉકર પ્રૌઢા નાગા રૂઢા, દેવી પદ્માવતી,
સોવન કાંતી પ્રભુ ગુણ ગાતી, વીર ઘેર આવતી.



જૈનધર્મનાં વાંચવા લાયક પુસ્તકોનું લીસ્ટ

રાસનાં નામ	રૂ.આ.પા.	પરચુરણ.	રૂ.
[illegible]	૧-૮-૦	શ્રીપાળ નોવેલ	[illegible]
વિવિધ પુષ્પ [illegible]	૧-૮-૦	માનતુંગ માનવતી	
સઝાય માળા મોટી	૧-૦-૦	પ્રધુમ્ન નોવલ	[illegible]
કુમારપાળનો રાસ	૦-૮-૦	હરિબળ મચ્છી નોવેલ	[illegible]
ચંદ્રશેખરનો રાસ	૦-૮-૦	શાંતિ લીલાવતી	[illegible]
વસ્તુપાળ તેજપાળ	૦-૪-૦	ગાયત્રી મંત્ર	[illegible]
સુદર્શનનો રાસ	૦-૮-૦	ગહુંલી સંગ્રહ	[illegible]
રત્નપાળ વ્યવહારીઆનો	૦-૬-૦	[illegible]	[illegible]
શ્રીપાળરાજાનો રાસ	૦-૮-૦	સિદ્ધાચળનાં સ્તવન	[illegible]
પંચપ્રતિક્રમણ સૂત્ર	૦-૪-૦	જૈન [illegible] રાસ	[illegible]
હરિબળ રાજાનો રાસ	૦-૨-૦	સ્તોત્ર રત્ન [illegible]	[illegible]
[illegible] રાસ	૦-૨-૦	નવસ્મરણ ગુજરાતી	૦-૧-૦
[illegible]	૦-૧-૦	પાર્શ્વનાથ સ્તોત્ર	૦-૧-૦
[illegible] રાજાનો રાસ	૦-૨-૦	જૈન મંત્રમાળા	૦-૧-૦
[illegible] રાસ	૦-૮-૦	[illegible] સાથે	૦-૨-૦
[illegible] રાસ	૦-૨-૦	દેવસીરાઈ પ્રતિક્રમણ	૦-૫-૦
[illegible] કુમારનો રાસ	૦-૧-૦	[illegible]	૦-૧-૦
અંજનાસતીનો રાસ	૦-૧-૦	[illegible]	૦-૧-૦
[illegible] રાસ	૦-૧-૦	[illegible]	૦-૧-૦
ક્યવન્ના શેઠનો રાસ.	૦-૨-૦	મલ્લીનાથનું વર્ણન	૦-૧-૦

આ સિવાય બીજાં ઘણી જાતના નાટકો, નોવેલો, વારતાઓ તથા કાયદા વીગેરેનાં પુસ્તકો અમારા ત્યાં મળે છે, પોષ્ટેજનો અડધો આનો મોકલી મોટું પ્રાઇસ લીસ્ટ મફત મંગાવો,

શા કેશવલાલ સવાઇભાઈ સમશેર બહાદુરવાળા

ઠે. રીચીરોડની સડકપર— અમદાવાદ.